# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

વહીવટી ઓફીસ : "વૃંદાવન", શુભમ ટાવર્સ સામે, બસ સ્ટેશન પાસે, વેરાવળ.
ફોન : ૨૪૪૦૭૭, ૨૨૧૨૦૧, ૨૪૪૧૨૨ ફેક્સ : ૨૪૪૧૨૩ email : headoffice@vpcbank.com- www.vpcbank.com

કોર બેંકીંગ સુવિધાથી સજ્જ, SMS ALERT, MISS CALL બેલેન્સ કવેરી, Mobile App., Rupay ATM / Debit Card, UPI, IMPS, QR Code વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ...

| રજીસ્ટ્રેશન નં. ૩૧૩૬<br>તા. ૩૧-૧૦-૧૯૫૯ | ૬૫મો વાર્ષિક અહેવાલ<br>૨૦૨૩-૨૦૨૪ | રીઝર્વ બેંક લાયસન્સ નં.<br>UBD. GJ 811 P તા. 29-12-1986 |
|---|---|---|

## : નોટીસ :

આથી બેંકના સભાસદોને જાણ કરવામાં આવે છે કે, બેંકની ૬૫મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૭-૦૭-૨૦૨૪ બુધવારના રોજ સાંજના ૭-૩૦ કલાકે ભારત વિકાસ પરિષદ સંચાલિત, પંડિત દિનદયાળ ઉપાધ્યાય કોમ્યુનીટી હોલ, નવા ડાભોર રોડ, વેરાવળ મુકામે નીચે જણાવેલ કામકાજ કરવા માટે મળશે જેમાં સર્વે સભાસદોને સમયસર હાજર રહેવા વિનંતી છે.

## : કાર્યસૂચિ :

૧. ગત તા. ૧૧/૦૭/૨૦૨૩ ની વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલી આપવા બાબત.
૨. સને ૨૦૨૩-૨૦૨૪ નાં ઓડિટેડ નાણાંકીય પત્રકો, ઓડિટ દુરસ્તી તથા વ્યવસ્થાપક સમિતિનો અહેવાલ વિચારણામાં લઈ બહાલ રાખવા બાબત.
૩. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ભલામણ કરેલ અહેવાલના વર્ષના નફાની ફાળવણી મંજુર કરવા બાબત.
૪. સને ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે સ્ટેચ્યુટરી ઓડીટર્સની નિમણુંકની નોંધ લેવા બાબત.
૫. વ્યાજ રાહત યોજના અન્વયે થયેલ કાર્યવાહીને બહાલી આપવા અંગે.
૬. પેટાનિયમ સુધારા-વધારા બાબત
૭. ચેરમેનશ્રીની મંજુરીથી અન્ય આવશ્યક કામકાજ બાબત.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી....**
**તા. ૧૯-૦૬-૨૦૨૪**

**(પરેશ એન. રાયમગીયા)**
જનરલ મેનેજર CEO (I/C)
ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી. વેરાવળ

## નોંધ

૧) સંક્ષિપ્ત વાર્ષિક અહેવાલની નકલ સાધારણ સભામાં સાથે લાવવા વિનંતી છે.
૨) સાધારણ સભામાં સભ્યોએ ઓળખકાર્ડ સાથે લાવવા વિનંતી છે.
૩) સભા અધ્યક્ષની મંજુરી સિવાય ઉપરમાં જણાવેલ એજન્ડા સિવાય અન્ય કોઈપણ પ્રકારની ચર્ચા હાથ ધરવામાં આવશે નહીં.
૪) તા. ૨૯-૦૯-૯૬ ની વાર્ષિક સાધારણ સભાએ મંજુર કરેલ ઠરાવ અનુસાર આ નોટીસથી અહેવાલના વર્ષના સંક્ષિપ્ત નાણાકીય હિસાબો મોકલેલ છે. આમ છતાં જે કોઈ સભાસદોને વિશેષ માહિતીની આવશ્યકતા હોય તેઓને વિસ્તૃત વાર્ષિક અહેવાલ બેન્કની વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકશે.
૫) બેન્કના અહેવાલના વર્ષના વાર્ષિક હિસાબોના સંક્ષિપ્ત અહેવાલ આ નોટીસથી મોકલાયેલ છે. વિસ્તૃત વાર્ષિક અહેવાલની નકલ લેખિત માંગણી કર્યેથી રૂબરૂ બેન્કની કચેરીએથી ઉપલબ્ધ રહેશે તેમજ પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવશે. જેના ઉપરાંત સભાસદશ્રીઓ ગુજરાત રાજય સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ની કલમ ૩૩ ના પ્રાવધાન મુજબની જ માહિતી મેળવવા હક્કદાર છે જેની ખાસ નોંધ લેશો.

**અલ્પાહારનો સમય**
**સાંજના ૬-૩૦ થી ૭-૩૦ કલાક સુધીનો રાખવામાં આવેલ છે.**
**જેથી તે સમય દરમ્યાન સર્વ સભાસદશ્રીઓને અલ્પાહારનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.**

| કુલ આવક, કુલ જાવક જોગવાઈઓ અને નફો | ૨૨-૨૩ ( ₹ લાખમાં) | ૨૩-૨૪ ( ₹ લાખમાં) |
|---|---|---|
| કુલ આવક | ૩૪૦૯.૬૭ | ૩૬૨૮.૫૮ |
| કુલ જાવક | ૨૫૯૨.૫૦ | ૨૯૦૭.૩૪ |
| ગ્રોસ નફો | ૮૧૭.૧૭ | ૭૨૧.૨૪ |
| જોગવાઈઓ | ૩૪૨.૦૬ | ૨૦૫.૬૯ |
| કાર્યકારી ચોખ્ખો નફો સરવૈયામાં લઈ જતા..... | ૪૭૫.૧૧ | ૫૧૫.૫૫ |

## બેંકની પ્રગતિના આંકડા

(રકમ ₹ લાખમાં)

| અનુ. નં. | વિગત | વર્ષ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ |
| ૧ | સભાસદ સંખ્યા | ૩૦૫૬૦ | ૩૧૩૩૪ | ૩૧૪૪૪ | ૩૧૫૧૧ | ૩૧૫૩૧ |
| ૨ | શેર ભંડોળ | ૭૫૨.૦૨ | ૭૮૪.૩૪ | ૭૯૩.૫૦ | ૮૯૭.૪૦ | ૯૯૮.૩૪ |
| ૩ | રિઝર્વ તથા અન્ય ફંડ | ૨૦૦૨.૮૧ | ૨૨૮૯.૬૬ | ૨૪૯૨.૮૪ | ૪૧૦૭.૮૯ | ૪૪૩૬.૧૪ |
| ૪ | થાપણ | ૩૧૮૭૧.૧૧ | ૩૪૩૪૭.૯૩ | ૩૫૫૭૫.૭૬ | ૩૬૮૦૦.૬૬ | ૩૭૯૪૪.૩૦ |
| ૫ | ધિરાણ | ૧૬૦૦૪.૪૭ | ૧૮૦૫૦.૦૫ | ૧૭૨૩૬.૯૬ | ૧૯૪૧૪.૬૧ | ૨૧૧૧૦.૨૩ |
| ૬ | કામકાજનું ભંડોળ | ૩૬૧૦૮.૧૨ | ૩૮૮૫૬.૭૩ | ૪૦૪૮૭.૨૭ | ૪૩૪૭૪.૪૦ | ૪૫૪૬૨.૨૭ |
| ૭ | નફો | ૨૭૨.૮૦ | ૩૦૧.૦૦ | ૪૧૫.૦૦ | ૪૭૫.૧૧ | ૫૧૫.૫૫ |
| ૮ | નેટ એન.પી.એ. % | ૦.૫૦ % | ૦.૦૫ % | 0 (ઝીરો) | 0 (ઝીરો) | ૧.૮૦ % |
| ૯ | ઓડીટ વર્ગ | અ | અ | અ | અ | અ |

**-:: નફો તથા ફાળવણી ::-**

બેંકનો કાચો નફો રૂા. ૭૨૧.૨૪ લાખ જેમાંથી ઈન્વેસ્ટમેન્ટ ફલકચ્યુએશન ૩૪.૨૭ લાખ સ્ટેચ્યુટરી રીઝર્વ ફંડ (EX. IDR) ૧૧.૪૨ લાખ, ભરવાપાત્ર ઈન્કમટેક્ષ, પ્રોવિઝન સને ૨૦૨૩-૨૪ ના રૂા. ૧૬૦.૦૦ લાખ ચુકવણી કર્યા બાદ ચોખ્ખો નફો રૂા. ૫૧૫.૫૫ લાખ નો થયો છે. જેની વહેંચણી નીચે પ્રમાણે મંજુર રાખવા બોર્ડ ઓફ ડીરેકટર્સ આજની સભાને ભલામણ કરે છે.

| | | |
|---|---|---|
| ૧) | પેટા નિયમ ૪૪ અ મુજબ અનામત ભંડોળ ખાતે ૨૫% મુજબ | ૧૨૮,૮૮,૬૪૨.૦૦ |
| ૨) | સહકારી કાયદાની સુધારેલી કલમ ૬૭-ક મુજબ<br>ડુબત અને શંકાસ્પદ લેણા અનામત ખાતે ૧૫% મુજબ | ૭૭,૩૩,૧૮૫.૦૦ |
| ૩) | પેટા નિયમ ૪૪-ડ મુજબ શેર ભંડોળ ઉપર ૧૩% ડીવીડન્ડ | ૧૨૩,૫૮,૮૮૪.૦૦ |
| ૪) | પેટા નિયમ ૪૪-ક મુજબ શિક્ષણ ફાળો | ૩,૦૦,૦૦૦.૦૦ |
| ૫) | પેટા નિયમ ૪૪-બ મુજબ મેમ્બર્સ બેનીફીટ ફંડ | ૪,૦૦,૦૦૦.૦૦ |
| ૬) | પેટા નિયમ ૪૪-ઈ-૧ મુજબ ચેરીટી ફંડ | ૫,૦૦,૦૦૦.૦૦ |
| ૭) | પેટા નિયમ ૪૪ઈ-૭ મુજબ ડીવીડન્ડ ઈકવીલાઈઝેશન ફંડ | ૨,૦૦,૦૦૦.૦૦ |
| ૮) | પેટા નિયમ ૪૪ઈ-૧ મુજબ સ્ટાફ બેનીફીટ ફંડ | ૭,૦૦,૦૦૦.૦૦ |
| ૯) | પેટા નિયમ ૪૪ઈ-૪ મુજબ બિલ્ડીંગ ફંડ | ૫૧,૦૦,૮૫૬.૩૫ |
| ૧૦) | પેટા નિયમ ૪૪ઈ-૧ મુજબ સહકાર, પ્રચાર શિક્ષણ ફંડ | ૨૦,૦૦૦.૦૦ |
| ૧૧) | ઈન્વેસ્ટમેન્ટ ફલકચ્યુએશન ફંડ ખાતે<br>(રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ઈન્વેસ્ટમેન્ટ અંગેના માસ્ટર સરક્યુલર પારા નં. ૧૮ માં સુચવ્યા મુજબ) | ૧૦૦,૦૦,૦૦૦.૦૦ |
| ૧૨) | સાયબર સિક્યુરીટી ફંડ ખાતે | ૧૩,૫૩,૦૦૦.૦૦ |
| | કુલ રૂપીયા | ૫,૧૫,૫૪,૫૬૭.૩૫ |

**ડીવીડન્ડ :-** બેંકના બોર્ડ ઓફ ડીરેકટર્સ સભાસદોને અહેવાલના વર્ષ માટે ૧૩% લેખે ડીવીડન્ડ આપવાની ભલામણ કરે છે. તે સ્વીકારી બહાલ રાખવા વિનંતી..

### વિમા કવચ

બેંકની તમામ થાપણો સામે રિઝર્વ બેન્કના નિયમ અનુસાર બેંક દ્વારા દર છ માસે નિયમીત રીતે ભરવાપાત્ર પ્રીમીયમ ભરાયેલ છે. જેના કારણે થાપણદારોની ₹ ૫ લાખ સુધીની થાપણો વિમા કવચ હેઠળ સુરક્ષિત છે.

# ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ. બેંક લી.

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૪ નાં રોજનું સંક્ષિપ્ત સરવૈયું

(રકમ ₹ લાખમાં)

| 31-3-2023 | ભંડોળ-દેવું | 31-3-2024 | 31-3-2023 | મિલ્કત-લેણું | 31-3-2024 |
|---|---|---|---|---|---|
| ૮૯૭.૪૦ | વસુલ આવેલ શેરભંડોળ | ૯૯૮.૩૪ | ૯૬૯.૩૨ | હાથ ઉપર રોકડ | ૧૧૯૮.૯૯ |
| ૪૧૦૭.૮૯ | રિઝર્વ ફંડ તથા અન્ય ફંડ | ૪૪૩૬.૧૪ | ૩૧૯૭.૯૨ | નોટીફાઇડ બેંકોમાં ચાલુ ખાતે | ૨૪૬૧.૨૦ |
| ૩૬૮૦૦.૬૬ | થાપણો | ૩૭૯૪૪.૩૦ | ૭૨૬.૫૦ | અન્ય બેંકોમાં ચાલુ ખાતે | ૭૪૬.૫૯ |
| -- | કરજ | -- | ૧૫૪૬.૧૧ | બેંકોમાં મુદતી થાપણો | ૨૧૪૭.૬૭ |
| -- | વસુલાત માટેના બીલ્સ | -- | ૧૫૦૩૧.૧૯ | રોકાણો | ૧૫૦૦૦.૮૯ |
| -- | બ્રાંચ એડજસ્ટમેન્ટ | -- | ૧૯૪૧૪.૬૧ | ધિરાણ | ૨૧૧૧૦.૨૩ |
| ૬૭૭.૩૬ | મુદતવિતી વ્યાજ અંગે રિઝર્વ | ૭૦૮.૬૮ | ૧.૭૮ | બ્રાન્ચ એડજસ્ટમેન્ટ | ૧.૭૮ |
| ૪૫૪.૨૨ | ચુકવવાપાત્ર વ્યાજ | ૬૧૮.૨૦ | ૭૯૧.૨૩ | મળવાપાત્ર વ્યાજ | ૮૩૧.૬૬ |
| ૭૨.૮૨ | અન્ય જવાબદારી | ૨૪૧.૦૫ | -- | વસુલાત માટેના બિલ્સ | -- |
| ૪૭૫.૧૧ | નફા-નુકશાન ખાતે | ૫૧૫.૫૫ | ૧૫૯૩.૨૯ | સ્થાવર મિલ્કતો | ૧૫૫૩.૪૫ |
| | | | ૭૯.૨૧ | ફર્નિચર અને ફીકચર્સ | ૧૦૧.૯૩ |
| | | | ૧૩૪.૩૦ | અન્ય અસ્કયામતો | ૩૦૭.૮૭ |
| ૪૩૪૮૫.૪૬ | કુલ | ૪૫૪૬૨.૨૬ | ૪૩૪૮૫.૪૬ | કુલ | ૪૫૪૬૨.૨૬ |

## તા. ૩૧ મી માર્ચ ૨૦૨૪ નાં રોજ પુરા થતાં વર્ષનું નફા-નુકશાન ખાતું

(રકમ ₹ લાખમાં)

| ૩૧-૩-૨૦૨૩ | ખર્ચ | ૩૧-૩-૨૦૨૪ | ૩૧-૩-૨૦૨૩ | આવક | ૩૧-૩-૨૦૨૪ |
|---|---|---|---|---|---|
| ૧૮૩૯.૩૭ | થાપણ તથા કરજ ઉપર વ્યાજ | ૨૦૩૭.૪૩ | ૩૨૧૦.૦૦ | વ્યાજ અને વટાવ | ૩૩૮૮.૬૮ |
| ૫૨૧.૮૩ | પગાર ખર્ચ | ૬૧૮.૪૨ | ૩૭.૮૫ | કમિશન - દલાલી | ૩૮.૧૮ |
| ૬૬.૩૦ | ભાડુ, કર, વિમો, તથા ઈલે. ખર્ચ | ૬૮.૬૩ | ૨.૦૫ | સીકયોરીટી ના વેચાણથી | 0.00 |
| ૬.૧૨ | કોર્ટ - વકીલ ફી | ૧.૮૫ | | થયેલ આવક | |
| ૫.૪૬ | પોસ્ટેજ, ટપાલ, ટેલીફોન ખર્ચ | ૬.૧૬ | ૧૫૯.૭૬ | અન્ય આવક | ૨૦૧.૭૨ |
| ૫.૫૩ | ઓડીટ ફી | ૬.૭૧ | | | |
| ૨૮.૩૦ | મિલ્કત મરામત તથા ઘસારા ખર્ચ | ૨૪.૦૨ | | | |
| ૧૧.૪૯ | સ્ટેશનરી છાપકામ અને જાહેરાત | ૧૧.૨૫ | | | |
| ૪૫૦.૧૫ | અન્ય ખર્ચ અને જોગવાઇ | ૩૩૮.૫૬ | | | |
| ૪૭૫.૧૧ | કાર્યકારી નફો સરવૈયામાં લઈ જતા | ૫૧૫.૫૫ | | | |
| ૩૪૦૯.૬૬ | | ૩૬૨૮.૫૮ | ૩૪૦૯.૬૬ | | ૩૬૨૮.૫૮ |

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

| | |
|---|---|
| શ્રી પ્રકાશભાઈ જગજીવનદાસ તન્ના | ચેરમેન |
| શ્રી રમેશચંદ્ર દ્વારકાદાસ ઠકરાર | મેને. ડિરેક્ટર |
| શ્રી ચિરાગભાઈ વિનોદરાય કારીયા | જો. મેને. ડિરેક્ટર |
| શ્રી ઉપેન્દ્રભાઈ રમણીકલાલ તન્ના | ડિરેક્ટર |
| શ્રી રમેશચંદ્ર જમનાદાસ ગંગદેવ | ડિરેક્ટર |
| શ્રી ભદ્રેશભાઈ જમનાદાસ દાવડા | ડિરેક્ટર |
| શ્રી સંદિપભાઈ વ્રજલાલ રાયઠઠ્ઠા | ડિરેક્ટર |
| શ્રી જતીનભાઈ ચંદુલાલ રાજા | ડિરેક્ટર |
| શ્રી મુકેશભાઈ રસીકલાલ રૂપારેલીયા | ડિરેક્ટર |
| શ્રીમતી ચંદ્રિકાબેન વિનોદરાય કારીયા | ડિરેક્ટર |
| શ્રીમતી ભારતીબેન કિશોરકુમાર ચંદ્રાણી | ડિરેક્ટર |
| શ્રી હરેશભાઈ હીરાભાઈ ચોપડા | ડિરેક્ટર |
| શ્રીમતી જયશ્રીબેન અશ્વિનભાઈ ઉનડકટ | ડિરેક્ટર, તાલાલા |
| શ્રી પારૂલભાઈ પોપટભાઈ કારીયા | ડિરેક્ટર, કેશોદ |
| શ્રી હરીશચંદ્ર હરજીવનભાઈ રૂપારેલીયા | ડિરેક્ટર, માંગરોળ |
| શ્રી જયેશકુમાર નારણદાસ ગદા | ડિરેક્ટર, જુનાગઢ |
| શ્રી દિનેશચંદ્ર ધીરજલાલ દેવાણી | પ્રો. ડિરેક્ટર |
| શ્રી ભૂપનેશભાઈ છગનલાલ કકકડ | પ્રો. ડિરેક્ટર |
| શ્રી પરેશ નવીનચંદ્ર રાયમગીયા | જનરલ મેનેજર CEO (I/C) |

# પેટાનિયમ સુધારા–વધારા દરખાસ્ત

| ક્રમ | | જૂના પેટા નિયમ | નવા પેટા નિયમ | કારણો |
|---|---|---|---|---|
| (૧) | પેટા નિયમ ૫ (અ) (શેર કેપીટલ) | આ બેન્કનું શેર ભંડોળ (અ) શ્રેણીના રૂા. ૨૦/- ની કિંમતના એક એવા ૫૦ હજાર શેરોમાં રૂા. ૧૦/-લાખ નું તેમજ (બ) શ્રેણીના રૂા. ૫૦/- ની કિંમતના એક એવા ૨૦,૦૦,૦૦૦ (વીસ લાખ) શેરોમાં રૂા. ૧૦,૦૦,૦૦,૦૦૦ (દશ કરોડ) નું મળીને કુલ રૂા. ૧૦,૧૦,૦૦,૦૦૦/- (દશ કરોડ દશ લાખનું રહેશે.) | આ બેન્કનું શેર ભંડોળ (અ) શ્રેણીના રૂા. ૨૦/- ની કિંમતના એક એવા ૫૦ હજાર શેરોમાં રૂા. ૧૦ લાખ નું તેમજ (બ) શ્રેણીના રૂા. ૫૦/- ની કિંમતના એક એવા ૩૦,૦૦,૦૦૦ (ત્રીસ લાખ) શેરોમાં રૂા. ૧૫,૦૦,૦૦,૦૦૦ (પંદર કરોડ) નું મળીને કુલ રૂા. ૧૫,૧૦,૦૦,૦૦૦/- (પંદર કરોડ દશ લાખનું રહેશે.) | શેર ભંડોળની મર્યાદા વધારવા માટે |

### –:: સભાસદશ્રીઓ જોગ ::–

સહર્ષ જણાવવાનું કે, ગ્રાહક સેવામાં સદા અગ્રેસર એવી આપણી નાના માણસોની પોતાની બેંકની નવી શાખા દોલતપરા વિસ્તારમાં જુનાગઢ ખાતે કાર્યરત થઇ ગયેલ છે. જેનાથી જુનાગઢના ઔધોગિક એકમોની બેન્કિંગ જરૂરીયાતો પૂર્ણ કરવાનો વિનમ્ર પ્રયાસ કરેલ છે.

### –:: સભાસદો જોગ વિશેષ – વિનામૂલ્યે રૂા. ૨,૦૦,૦૦૦/– નો અકસ્માત વિમો ::–

બેન્ક દ્વારા હવે તમામ વ્યક્તિ સભાસદોને “ગ્રુપ પર્સનલ એક્સીડન્ટ પોલિસી” હેઠળ કવરેજ આપી રૂપીયા બે લાખ પુરાની રકમનું અકસ્માત વિમા વળતર મળી રહે તે હેતુથી ઓરીયન્ટ ઈન્સ્યુરન્સ કાં. સાથે વ્યવસ્થા ગોઠવેલ છે. સદરહુ અકસ્માત વિમા હેતુ વ્યક્તિ સભાસદની ઉંમર ૧૮ થી ૭૫ વર્ષની રહેશે. સદરહું સભાસદો માટેના વિમાની મુદત વધુ ૧ વર્ષ માટે રીન્યુ કરી આવશ્યક પ્રીમીયમની રકમ ભરી આપવામાં આવેલ છે. સભાસદશ્રીઓને આ અકસ્માત વિમા વળતરનો લાભ વ્યક્તિદીઠ વિમા કંપનીના ધારાધોરણને અનુસરીને મળવાપાત્ર રહેશે. જેની આથી સર્વે સભાસદો જોગ સહર્ષ જાહેરાત કરીએ છીએ. સભાસદશ્રીઓને વિનંતી છે કે, તેઓ પોતાના જરૂરી **KYC** ડોક્યુમેન્ટની નકલો બેન્કની લાગુ પડતી કચેરીએ રજુ કરી પોતાની પ્રોફાઇલ અપડેટ કરાવવા વિનંતી..

### –:: સભાસદો / ગ્રાહકો જોગ નમ્ર નિવેદન ::–

બેન્ક દ્વારા ઈશ્યુ કરાયેલ આપના **ATM CUM DEBIT** કાર્ડના નંબર, **CVV** નંબર, **OTP, ATM PIN, MOBILE APP. PIN** વગેરે કોઈને પણ જણાવશો નહીં. બેંકના કર્મચારીઓ કયારેય આવી માહિતી માંગતા નથી. ટેકનોલોજી આધારીત ગુન્હાઓની વધતી જતી સંખ્યાઓને ધ્યાને લઇ થોડી સાવચેતી રાખવાથી થનાર મોટા નુકશાનથી બચી શકાશે. આપ પાસેથી બેન્કના નામે આવી કોઈપણ વિગતો ફોન પર માંગવામાં આવે તો તુરંત બેન્કની લાગુ પડતી કચેરીનો સંપર્ક કરી યોગ્ય જાણ કરશો.

ગ્રાહકો/સભાસદો જોગ વિશેષ ખાસ સુચના કે, જે સભાસદ/ગ્રાહક બેન્ક સાથેના તેઓના વ્યવહાર, માહિતીની આપ–લે તેમજ પત્ર વ્યવહાર ઈ–મેઈલ દ્વારા કરવા ઈચ્છુક હોય તેઓએ લાગુ પડતી શાખાની મુલાકાત લઈ પોતાનું ઈ–મેઈલ એડ્રેસ રજીસ્ટર કરાવવા ઘટતી કાર્યવાહી કરવી. બેન્કના રેકર્ડ પર નહીં નોંધાયેલા હોય તેવા કોઈપણ ઈ-મેઈલ એડ્રેસ પરથી થયેલા કોમ્યુનીકેશનને ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ સભાસદો/ગ્રાહકોએ લેવા વિનંતી છે.

### –:: સભાસદો જોગ ડિવિડન્ડ અંગે ખાસ અનુરોધ ::–

*બેન્ક દ્વારા જાહેર કરાયેલા ડીવીડન્ડને જાહેર કર્યાની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં વટાવવામાં નહીં આવે તો તે ડીવીડન્ડની વણચૂકવાયેલ રકમ નિયમાનુસાર બેન્કના રીઝર્વ ભંડોળ ખાતે જમા લઈ જવામાં આવશે. સભાસદશ્રીઓને વિશેષ અનુરોધ છે કે, બેન્ક દ્વારા જાહેર કરાતા/ચુકવાતા ડીવીડન્ડની રકમ સીધી પોતાના ખાતામાં જમા મેળવવા હેતુ બેન્કની લાગુ પડતી કચેરીની મુલાકાત લઈ પોતાના ખાતાની વિગતો શેર વિભાગમાં અપડેટ કરાવવા વિનંતી છે.*

### –:: ખાસ સુચના ::–

બેન્કના અહેવાલના વર્ષના ઓડીટરશ્રી દ્વારા ચકાસાયેલા અને પ્રમાણિત કરેલ વાર્ષિક હિસાબો નિયમાનુસાર પ્રસિદ્ધ કરાયેલ છે. જેનું વ્યક્તિગત રીતે સત્યથી વેગળું તેમજ ભ્રામક, ખોટું અને સંસ્થાની માનહાની કરતું વિશ્લેષણ કરી સોશીયલ મીડીયા દ્વારા કે અન્ય રીતે ચર્ચાઓ કરી સંસ્થાના હિતોને નુકશાન પહોંચાડવાની પ્રવૃત્તિ કરનાર/કરાવનાર સભાસદશ્રી કે અન્ય ની સામે બેન્કે લાગુ પડતા કાયદાના પ્રાવધાનો અંતર્ગત પગલા લેવાની ફરજ પડશે જેની ખાસ નોંધ લેશો...